# અથાગ મહેનત કરી કરીને, ડૂબી ગયો છું તરી તરીને!

વઢિયાર પ્રદેશના તારાપુર ગામની શેરીઓમાં સાંજનું અજવાળું ધીમે ધીમે ઓસરતું જતું હતું. લોકો ધીમે ધીમે ઘર તરફ વળતા હતા.

વઢિયા પ્રદેશ એટલે અજબ વાતાવરણ ધરાવતો પ્રદેશ. એક બાજુ કચ્છનું નાનું રણ અને બીજી તરફ લગભગ સૂક્કો પ્રદેશ! આના લીધે ઉનાળામાં સાંજના સમયે જબરદસ્ત આંધી ચડે. ધૂળની ડમરીઓ આખા ગામમાં અને સીમમાં છવાઈ જાય. પાંચ-દસ ફૂટ આગળનું દ્રશ્ય પણ દેખાય નહીં. ઘરમાં પણ ધૂળ ભરાઈ જાય. દિવસે ઉનાળામાં એટલી ગરમી પડે કે લોકો ત્રાહિમામ થઈ જાય. શિયાળામાં આખો પ્રદેશ જાણે બદલાઈ જાય. જાણે કાશ્મીરનો જ ભાગ હોય એવી કડકડતી ઠંડી સાંજથી જ શરૂ થઈ જાય.આવા વાતાવરણના લીધે લોકો પણ ખડતલ બની ગયા. ઠંડી-ગરમી સહન કરતા શીખી ગયા.

આવા તારાપુર ગામમાં કમુબહેન, એમના પતિ રામભાઈ અને દીકરો સુરેશ રહે. એ ત્રણેય પાસે એક ખેતર, લગભગ 20-25 વીઘાનું. એમાં ચણા વવાય, ઘઉં વવાય ને ક્યારેક શિયાળુ પાક વવાય પણ તકલીફ પાણીની એટલે વરસમાં એક જ પાક લઈ શકાય. એ દ્રષ્ટિએ આ પ્રદેશ ધંધુકા તરફના ભાલપ્રદેશ સાથે સરખાવી શકાય.

"બા," એક દિવસ સુરેશે સાંજના વાળુ કરતી વખતે કહ્યું, "આપણા બાપદાદા વખતનું ઘર હવે ખંડેર જેવું લાગે છે બહારથી તો. એને રિપેર ન કરાવી શકાય?"

''બેટા," કમુબહેન બોલ્યાં, "રિપેર તો કરાવી શકાય પણ એ મકાન આપણું એકલાનું નથી. તારા દાદા હિંમતભાઈ પણ એના ભાગીદાર છે. એમને પૂછીને એ હા પાડે તો જ રિપેર કરાવી શકાય."

"તો બાપુને કહું," સુરેશ બોલ્યો, "એ હિંમતદાદા જોડે વાત કરી લે, પછી શો વાંધો આવે? કેટલું જૂનું મકાન છે. આખા ગામમાં એના જેવું પાકું મકાન એકેય નથી, મહાદેવના મંદિરને બાદ કરતાં એટલું મોટું પણ એકેય મકાન નથી. બા, કેટલાં વરસ થયાં હશે એ મકાનને?"

સુરેશનો પ્રશ્ન બાજુના ઓરડામાં ખાટલામાં પડયા પડયા બીડીનો કસ તાણતા એના પિતા રામભાઈએ સાંભળ્યો ને ભૂતકાળના દિવસો એમને યાદ આવી ગયા. છત ઉપર એમણે દ્રષ્ટિ કરી ને દ્રશ્યો બદલાતાં ગયાં. લગભગ 150 વરસ પહેલાં વડવાઓ દ્વારા બંધાએલું એ મકાન આખા ગામનું ગૌરવ હતું. વડવા ધનાદાદા ધનાઢ્ય પણ હતા ને ઉદાર પણ એટલા જ. એ વખતે આજુબાજુના વિસ્તારમાં દુષ્કાળ જેવું વાતાવરણ હતું. લોકો પાસે ન અનાજ હતું, ન પૈસા. એ વખતે ધનાદાદાએ લોકોને અનાજ પૂરું પાડેલું. બદલામાં લોકો ઘરનાં બારણાં ને બારીઓ આપી જતાં. દુષ્કાળ પૂરો થયો ને ધનાદાદાએ આ મકાન બનાવવાનું શરૂ કર્યું. એ પ્રદેશ રાધનપુર સ્ટેટનો એક ભાગ હતો. શંખેશ્વરથી લગભગ 30 Km દૂર. એમણે મકાન જુનવાણી રીતથી બનાવવાનું શરૂ કર્યું. સિમેન્ટ તો એ વખતે જોવાય ન મળે, બધું ચણતર ચૂનાથી જ થાય. મસમોટું ફળિયું રાખીને એમાં એક ઓસરીએ ત્રણ મોટા મોટા ઓરડા એમણે પથ્થરથી બનાવડાવ્યા. આખા મકાનમાં એમણે એક પણ બારી નહોતી રાખી, એ આ મકાનની મોટી વિશિષ્ટતા. લોકો દુકાળમાં જે બારીઓ અને બારણાં આપી ગયેલાં, એમાંથી સાગનું લાકડું જુદું કઢાવીને એમણે વચલા ઓરડામાં એક મોટું માળિયું બનાવડાવેલું.

દરેક ઓરડાની છત લગભગ પચીસેક ફૂટ ઊંચી તો ખરી જ ! રામભાઈને યાદ આવ્યું - એ ધનાદાદાના દીકરાનો દીકરો એટલે પોતે. પિતાજી વાત કરતા હતા કે જ્યારે ધનાદાદાએ ભાઈઓના ભાગ પાડયા ત્યારે લગભગ એક ગમાણ ભરાય એટલા ચાંદીના રાણીછાપ રૂપિયા હતા! એ ગણવા કોણ બેસે? અને ગણવા બેસે તો કેટલો સમય જાય? એટલે ધનાદાદાએ પાવડાથી તગારા ભરી ભરીને ભાઈઓના ભાગ પાડેલા.

મકાનના ત્રણ રૂમમાંથી પહેલો રૂમ પોતાના પિતાજીને આવેલો ને ત્રીજો રૂમ હિંમતભાઈના પિતાને આવેલો.

બાકી રહ્યો એ વચલો રૂમ! ધનાદાદાના અવસાન પછી એ રૂમનો ખાસ ઉપયોગ નહોતો થતો. બે ચાવીઓ હતી એ રૂમની. એક હિંમતભાઈના પિતા પાસે રહેતી ને એક પોતાના પિતા પાસે. ક્યારેક કોઈ  કોઈ વાર કોઈ મહેમાન આવે તો એના ઉતારા માટે પણ એ રૂમ વપરાતો. મૂળ

વાત એ હતી કે, લોકવાયકા મુજબ ધનાદાદાએ વચલા રૂમમાં રાણીછાપ રૂપિયાની ને ઘરેણાંની દસ દેગો દાટેલી છે!   એ જમાનાની એટલી મૂડી એટલે આજના કરોડો રૂપિયામાં ગણતરી થાય! આ લોકવાયકાના લીધે જ પોતાના પિતા અને હિંમતભાઈના પિતા વચ્ચે ખેંચાખેંચી થતી. બન્નેને એ ઓરડો જોઈતો હતો, એનું નિરાકરણ આવતું જ નહોતું. જો કે બન્નેને ત્યાં સંતાનો થયાં ને મહેમાનોનો આવરો-જાવરો વધ્યો એટલે પોતાના પિતાએ ગામમાં જુદું મકાન બનાવડાવ્યું ને ત્યાં રહેવા ગયા, એ જ રીતે હિંમતભાઈના પિતાએ પણ જુદું મકાન બનાવડાવ્યું અને ત્યાં રહેવા ગયા. એ જુદું મકાન એટલે પોતે અત્યારે જે મકાનની છત પર ભૂતકાળ જુએ છે એ મકાન!

રામભાઈ ભૂતકાળની કેડી પરથી વર્તમાનના રાજમાર્ગ

છે પણ જો એકેય ભાઈને સપનું આવે તો જ એ  જગ્યાએ ખોદવાથી ધન મળે, એ સિવાય એ ધન ન મળે!

કમનસીબે, હજી સુધી તો એક્કેય ભાઈને સપનું આવ્યું નહોતું, એટલે એ રૂમમાં ખોદવાનો પ્રશ્ન જ ઊભો થયો નહોતો. કંટાળીને સુરેશે પણ ઊંઘવાનો પ્રયાસ કર્યો ને મોડે મોડે એને પણ ઊંઘ આવી ગઈ ખરી. કમુબહેન તો આખા દિવસના થાક્યાં-પાક્યાં ક્યારનાય ઊંઘી ગયાં હતાં.

વહેલી સવારના કમુબહેન જાગીને રસોઈમાં પહોંચી ગયાં ને રસોઈ શરૂ કરી દીધી. રામભાઈ ને સુરેશ પણ જાગ્યા. ચ્હા પીને રામભાઈ તૈયાર થઈને ખેતરે જવા નીકળી ગયા. સુરેશ તૈયાર થઈને કમુબહેન પાસે બેઠો.

"બા," એણે કહ્યું, " મકાન વેચી દઈએ તો? કેટલા પૈસા આવે?" "અરે દીકરા, " કમુબહેન બોલ્યાં, "એ




પર સરી આવ્યા. એમણે ઊભા થઈને પાણી પીધું ને પછી આંખ બંધ કરીને સૂતા.

બહાર પવન સૂસવાટા મારતો હતો ને રામભાઈને ઊંઘ આવી ગઈ. જો કે, સુરેશને ઊંઘ નહોતી આવતી. એણે પણ ગામમાં ચાલતી વાતો સાંભળી હતી. ધનાદાદાએ કરોડો રૂપિયા એ ઘરમાં દસ દેગો ભરીને

દાટ્યા છે એ વાત એ જાણતો હતો પણ હવે તો કેટલાંય વરસથી એ ઘરને તાળું જ રહે છે, કોઈ એ ઘરમાં જતું જ

મકાન વેચવાની તો તારા બાપુ ને તારા હિંમતદાદા જ ના પાડે છે. ગરાગ તો દોડતા મળી જાય. મોંમાગ્યા પૈસા પણ મળી જાય પણ આ બે ભાઈઓ વેચવાની વાત જ નથી કરતા. કહેવાય છે કે, તારા ધનાદાદા એમાં વચલા રૂમમાં દલ્લો દાટતા ગયા છે દસ દેગો ભરીને, એટલે આ બેય ભાઈને એમાં રસ છે. એટલે જ એ રૂમનો ભાગ પણ નથી પડ્યો. " "પણ, તો પછી, " સુરેશે પ્રશ્ન કર્યો, "એ બન્ને ભાઈઓ મળીને કેમ ખોદકામ કરીને દેગો કાઢી

**એ મકાન વેચવાની તો તારા બાપુ ને તારા હિંમતદાદા જ ના પાડે છે. ગરાગ તો દોડતા મળી જાય. મોંમાગ્યા પૈસા પણ મળી જાય પણ આ બે ભાઈઓ વેચવાની વાત જ નથી કરતા. કહેવાય છે કે, તારા ધનાદાદા એમાં વચલા રૂમમાં દલ્લો દાટતા ગયા છે દસ દેગો ભરીને એટલે આ બેય ભાઈને એમાં રસ છે. એટલે જ એ રૂમનો ભાગ પણ નથી પડ્યો**

નથી એટલે ઘરની સારસંભાળ જ લેવાતી નથી - રિપેરીંગ તો દૂરની વાત છે. હા, ધનાદાદાની તિથિના દિવસે બન્ને ઘરનાં એ મકાનમાં જાય છે, પાણિયારે દીવો કરીને ધનાદાદાને પગે લાગે છે. એ વખતે ગામના છોકરાઓની જીંગર પણ ત્યાં પહોંચી જતી. છોકરાઓનું ત્યાં જવાનું મુખ્ય કારણ એ હતું કે, ફળિયામાં ખાખાખોળા કરવાથી છોકરાઓને ક્યારેક રાણીછાપ રૂપિયો મળી આવતો!

સ્પંદન
નિરંજન યાજ્ઞિક

સુરેશને પણ એક વાર બે-ત્રણ રૂપિયા જડેલા એ યાદ આવ્યું. આનો અર્થ એ કે, ધનાદાદા કેટલા બધા રૂપિયા મૂકી ગયા હશે! એમની 40 વીઘા જમીન હતી, એ બન્ને ભાઈઓને 20-20 વીઘા વહેંચી આપેલી.

જો કે વચલા ઓરડાના ધન વિષે એક બીજી પણ વાત વહેતી હતી ગામમાં - ધન તો એ રૂમમાં દસ દેગો ભરીને

લેતા નથી?"

*બેટા," કમુબહેન બોલ્યાં, "પૂર્વજો કહેતા ગયા છે કે, જો બેમાંથી એકેય ભાઈને દેગો કયા ખૂણામાં દાટી છે એ સપનું આવે તો જ એ દેગો મળે, બાકી કશુંય ના મળે!"

"તો પછી...." સુરેશ બોલ્યો, "આપણે રાહ જ જોવાની? કૈંક તો રસ્તો હશે ને આ મકાનના વચલા ઓરડાનો ખજાનો કાઢવાનો?"

"રસ્તોય નીકળે બેટા," કમુબહેન બોલ્યાં, " પણ એના માટે બેય ભાઈઓએ સંપીને બેસવું પડે, કાં તો ગામની પંચાયતને વચ્ચે રાખીને કૈંક રસ્તો કાઢવો પડે. હવે એ તો ક્યારે બને!"

સુરેશને પણ લાગ્યું કે, આ તલમાંથી તેલ નહીં નીકળે એટલે એ બજારમાં ગયો. બજાર પૂરી થતી હતી ત્યાં રોડ

પરથી જ એણે એ મકાન તરફ નજર નાખી. આટલું જૂનું હોવા છતાં એ હજી સરસ જ દેખાતું હતું. એક કાંકરી પણ ખરી નહોતી.

ગામ પસાર કરીને સુરેશ પાદર તરફ ગયો. રણ તો ત્યાંથી જ શરૂ થતું હતું. એને લાગ્યું કે, કેવો આ વઢિયાર પ્રદેશ છે ! આ દસ દેગો, સપનું, બધું એને અજબ લાગ્યું. સામે દેખાતા રણ તરફ એણે નજર

માંડી. રુપેણ ને સરસ્વતી નદીઓ પણ આ રણમાં જ લુપ્ત થઈ જાય છે ! ધીમે ધીમે એ ઘર તરફ વળ્યો. આજે એને કોઈ ભાઈબંધને મળવાનું મન ન થયું. એ ઘેર પહોંચ્યો ત્યારે જમવાનું તૈયાર જ હતું ને રામભાઈ પણ ખેતરેથી આવી પહોંચ્યા એટલે ત્રણે જમવા બેઠા.

હજી એ જમીને ઊભા થયા ત્યાં જ હિંમતભાઈએ એમની ડેલીની સાંકળ ખખડાવી. સુરેશે બારણું ખોલ્યું ને હિંમતભાઈ અંદર આવ્યા. બન્ને ભાઈઓ ખાટલા પર બેઠા. કમુબહેને બન્નેને પાણી પાયું અને પછી એ ચા મૂકવા રસોઈમાં ગયાં. "ભાઈ રામભાઈ," હિંમતભાઈ બોલ્યા, " આવતી પાંચમે મારી દીકરીના લગન છે એટલે હું કહેવા આવ્યો છું કે આપણે બધાએ જોડે રહેવાનું છે. કંકોતરી છાપવા આપી છે પણ તને તો મારે જાતે જ કહેવું પડે એટલે હું આવ્યો છું.'' "ભલે ભલે હિંમતભાઈ," રામભાઈ બોલ્યા, "અમે આવી જઈશું, ને બધા કામમાં તમારો સાથ દઈશું." " હિંમતદાદા," સુરેશ વાતપ્રવાહમાં કૂદી પડ્યો, "ભેગાભેગું એક કામ પણ પતાવી દો, તો આ મોકો છે." "શું બેટા ?" હિંમતભાઈએ પૂછ્યું.

"આ વચલા ઓરડાનો કૈંક રસ્તો કાઢીને એ મકાન વેચી દો, તો સારું,'' સુરેશે કહ્યું, "બાકી, પડયું પડકું ઘર પણ પડી જ જશે." બન્ને ભાઈ એકબીજાની સામે જોઈ રહ્યા. "તમે પંચાયતને કહો ને," કમુબહેન બોલ્યાં, "એ વચ્ચે રહીને તમને બેય ભાઈયુંને અનુકૂળ રસ્તો કાઢી દે ને તમારે એ માન્ય રાખવાનો."

"તમારી વાત તો સાચી છે કમુબેન, '' હિંમતભાઈ બોલ્યા, "આજકાલમાં જ હું પંચાયતમાં વાત કરીને રસ્તો કાઢવાનું કહું છું. મારે પણ દીકરીના લગનમાં ધન મળે તો કામમાં આવી જાય." બીજા દિવસે હિંમતભાઈએ પંચાયતમાં વાત કરી ને ત્રીજા દિવસે રાત્રે હિંમતભાઈનાં ઘેર બન્ને કુટુંબ ભેગાં થયાં ને સરપંચ સાથે પંચાયતના બધા સભ્યો પણ આવી ગયા. ગામના બે-ચાર આગેવાનો પણ આવી ગયા. ચ્હા-પાણી પત્યા એટલે સરપંચે વાત શરૂ કરી. "જુઓ," સરપંચ બોલ્યા, 'અહીં આવતા પહેલાં અમે રસ્તો વિચાર્યો છે ને તમને એ માન્ય રાખવાની ઈચ્છા હોય તો જ હું રસ્તો બતાવું, પછી ફરી નહીં જવાનું.!" "અમે કબૂલ રાખીએ છીએ," હિંમતભાઈ અને રામભાઈ બોલ્યા. "તો સાંભળો," સરપંચ બોલ્યા, "કાલે પંચાયતની હાજરીમાં મકાનમાં ખોદકામ કરીએ, કૈં ધન મળે, એના ત્રણ ભાગ પાડવાના. એક હિંમતભાઈનો, એક એમની દીકરીનો અને એક ભાગ રામભાઈનો - બોલો, કબૂલ છે? રામભાઈ, તમારે દીકરી હોત તો ચાર ભાગ પડેત." બન્ને ભાઈઓએ પત્નીઓ તરફ જોયું. એ બન્નેએ પણ માથું હલાવીને હા પાડી. "અમને કબૂલ છે, " બન્ને ભાઈઓ બોલ્યા, "કાલે સવારે જ ખોદકામ કરીએ." એ રાત્રે કોઈનેય ઊંઘ ન આવી. બધાને પેલી રાણીછાપ રૂપિયા ને ઘરેણાં ભરેલી દેગો જ દેખાયા કરી!  બીજા દિવસે સવારે બધા ઘરના ફળિયામાં પ્રવેશ્યા. ફળિયામાં ઘાસ ઊગી ગયેલું. સામે નજર કરી તો વચલા ઓરડાનું બારણું તૂટેલું હતું!

"અરે," અવાક થઈ ગયેલા હિંમતભાઈ બોલી ઊઠ્યા, "આ બારણું કેમ તૂટી ગયું હશે ? ચાલો, જલ્દી અંદર જોઈએ." બધા અંદર પ્રવેશ્યા, તો બધાની આંખો ફાટી રહી! રૂમમાં દસ જગ્યાએ મોટા મોટા ને ઊંડા ખાડા ખોદેલા હતા! બાકી આખો રૂમ ખાલી હતો. હા, રૂમમાં પાંચ-છ જગ્યાએ રાણીછાપના રૂપિયા પડેલા હતા, ને એક ખૂણામાં એક હાર પડેલો હતો! હિંમતભાઈ અને રામભાઈ તો સ્તબ્ધ બનીને જોતા જ રહ્યા ને સરપંચે રૂપિયા ને હાર લઈને હિંમતભાઈના હાથમાં મૂકી દીધા!  સુરેશને લાગ્યું કે, આટલી બધી અથાક મહેનત પછી પણ આવું નીકળ્યું ? જાણે આટલું તરી તરીનેય અંતે તો ડૂબી જ જવાનું !

(શીર્ષકપંક્તિ: નરેન્દ્રસિંહ મકવાણા 'અતુલ'   કથાબીજ : સરદારખાન મલેક)